(૨૧)

Children's RESEARCH UNIVERSITY

CRU/SE/Letter/2026/20

Date:30/10/2026

પ્રતિશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી
તમામ જિલ્લા, ગુજરાત રાજ્ય.

વિષય: 'દિવાળી વેકેશન' દરમિયાન વિદ્યાર્થીઓએ કરવાની પ્રવૃત્તિ–પ્રોજેક્ટ માટે તૈયાર કરેલાં મોડ્યુલ્સ બાબત.

માનનીય મહોદય,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી તરફથી નમસ્કાર!

ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને જણાવવાનું કે **ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના સ્કૂલ ઓફ એજ્યુકેશન વિભાગ** દ્વારા બાલવાટિકાથી ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે વિવિધ શૈક્ષણિક **મોડ્યુલ્સ સેટ તૈયાર કરવામાં આવ્યા છે.** આ મોડ્યુલ્સ રજા દરમિયાન બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષક અથવા માતા–પિતા દ્વારા કાર્યરત થઈ શકે એવા છે.

આ મોડ્યુલ્સમાં જે તે ધોરણને અનુરૂપ ગણિત અને તર્કશક્તિ, ભાષાઓ, પર્યાવરણ શિક્ષણ, વિજ્ઞાન, આરોગ્ય અને સ્વચ્છતા, સામાજિક વિજ્ઞાન, શૈક્ષણિક મુલાકાતો, મૂલ્યો અને આદતો, જીવનકૌશલ્યો, વ્યાવહારિક બાબતો, રમતો અને રમકડાં, શિક્ષણ સહાયક સામગ્રી વગેરે વિષયો અને પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

અમને આનંદ છે કે જો આ મોડ્યુલ્સ રાજ્યના દરેક **બી.આર.સી, સી.આર.સી, આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ** દ્વારા તમામ **શાળાઓમાં વહેંચવામાં આવે.** દરેક શાળાને વિનંતી કરીએ કે મોડ્યુલ્સ માતા–પિતા સુધી પહોંચાડવા મદદરૂપ થાય.

માતા–પિતા વેકેશન દરમિયાન બાળકો સાથે મળીને શક્ય તેટલી વધુ પ્રવૃત્તિઓ કરે અને કરાવે. આ મોડ્યુલ્સની અંદર આપેલા QR કોડ દ્વારા પ્રવૃત્તિઓ વિષેની માહિતી મેળવી શકાશે. અમને ખાતરી છે કે આ પ્રવૃત્તિઓ બાળકોનાં જ્ઞાન, ભાષા અને પ્રતિભાને ખીલવીને સમૃદ્ધ બનાવશે.

આ અગાઉ પણ આપશ્રીના સહયોગથી આ પ્રકારનાં મોડ્યુલ્સ બે વખત શાળાઓ સુધી પહોંચાડવામાં આવ્યાં હતાં.

આ મોડ્યુલ્સ શાળાઓ સુધી પહોંચાડવા સહયોગ કરવા વિનંતી.

આપના સહકારની અપેક્ષા સાથે..

આપનો વિશ્વાસુ

અધ્યક્ષ,
સ્કૂલ એજ્યુકેશન
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર

બિડાણ: બાળવાટીકાથી ધોરણ ૧૦ સુધીની પ્રવૃતિઓ

નકલ રવાના :
(૧) માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા અભિયાન, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૨, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, GCERT, સેક્ટર-૧૨, ગાંધીનગર
(૩) પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, ગાંધીનગર.

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પ્રાથમિક વિભાગ, ગાંધીનગર
તારીખ 5.11.26
સહી.....

નોંધ: (23) page of Pdf attached.

ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૨૨૬૫૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા.૦૧/૧૨/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,

Children's Research University
every child matters
सत्यम् ऋतम् बृहत्

चिल्ड्रन्स रिसर्च युनिवर्सिटी, गांधीनगर

મજાનું દિવાળી વેકેશન



મજાનું દિવાળી વેકેશન... (વેકેશન પ્રવૃત્તિઓ)

(Majanu Diwali Vacation)

દ્વિતીય આવૃત્તિ : ઓકટોબર– ૨૦૨૬
પ્રત:
કિંમત ૩.: –
ISBN:

પ્રેરણાસ્ત્રોત :–

ડૉ. ટી. એસ.જોશી, કુલપતિ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.

સંપાદકો :

પ્રો. (ડૉ.) રણજિતસિંહ પવાર, અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

કુ. પાયલ રોત, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

શ્રી દક્ષેશકુમાર પટેલ, સિનિયર કલાર્ક, ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

લેખકો :–

સૂચિતકુમાર જે. પ્રજાપતિ, વટાદરા કુમાર પ્રાથમિક શાળા, તા.ખંભાત, જિ.આણંદ

ધર્મેશકુમાર એમ. રામાનુજ, ભાટતલાવડી પ્રાથમિક શાળા, તા. ખંભાત, જિ.આણંદ

પંકજકુમાર બી.બારોટ , સી.આર.સી. તેનપુર, તા.બાયડ, જિ. અરવલ્લી

સંજયભાઈ પટેલ, સી.આર.સી. લાડોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા

રાકેશકુમાર સી. પટેલ, નવાનંદીસર પ્રાથમિક શાળા, તા.ગોધરા, જિ.પંચમહાલ

ગોપાલકૃષ્ણ શંકરલાલ પટેલ, નવાનંદીસર પ્રાથમિક શાળા, તા.ગોધરા, જિ.પંચમહાલ

અશોકભાઈ પટેલ, જાદવપુરા પ્રાથમિક શાળા, તા. વિરમગામ, જિ. અમદાવાદ

પ્રકાશક :– ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિર પાસે, સેક્ટર–૨૯, ગાંધીનગર
મુદ્રક :– ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિર પાસે, સેક્ટર–૨૯, ગાંધીનગર

નોંધ :–આ પુસ્તકના પ્રકાશન સમય દરમિયાન પુસ્તકમાં આપવામાં આવેલ તમામ સામગ્રીની તથ્યતા યોગ્ય કાળજીપૂર્વક લેખક/સંપાદક તથા પ્રકાશક તેમજ મુદ્રક દ્વારા કરવામાં આવેલ છે. છતાં આ પુસ્તકમાં રહેલ કોઈ ક્ષતિઓ માટે લેખક/સંપાદક તથા પ્રકાશક તેમજ મુદ્રક જવાબદાર નથી.

દિવાળી વેકેશન
આનંદથી શીખીએ!

પ્રિય વાલીશ્રી,

દિવાળીનું વેકેશન પરિવાર સાથે સમય પસાર કરવાનો, નવી બાબતો શીખવાનો અને પોતાની આસપાસની દુનિયાને સમજવાનો સારો અવસર છે. નીચેની પ્રવૃત્તિઓ રમતાં–રમતાં શીખવા માટે તૈયાર કરવામાં આવી છે. વેકેશન દરમિયાન આપનું બાળક ઘરે રહીને દરરોજ નવી પ્રવૃત્તિ અથવા નાનો પ્રોજેક્ટ કરી શકે તેવી સંભવિત યાદી અહીં આપવામાં આવી છે. તેમાંથી આપ શક્ય હોય તેટલી પ્રવૃત્તિઓ પસંદ કરી શકો છો અથવા તેના જેવી બીજી પ્રવૃત્તિઓ પણ કરાવી શકો છો. આ પ્રવૃત્તિઓ બાળકને આગામી ધોરણના અભ્યાસ માટે પૂર્વતૈયારી કરવામાં મદદરૂપ થશે. પ્રવૃત્તિઓની માહિતી માટે આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરો.

વાલીઓ માટે ઉપયોગી સૂચનાઓ

- બધી પ્રવૃત્તિઓ કરવી ફરજિયાત નથી. બાળકની ઉંમર, રુચિ અને ઘરમાં ઉપલબ્ધ સામગ્રી મુજબ પસંદગી કરો.
- દરરોજ થોડો સમય આપો. બાળકને પોતાની રીતે કરવાનો મોકો આપો; જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપો.
- મોંઘી સામગ્રી ખરીદવાની જરૂર નથી. જૂના કાગળ, ખરી પડેલાં પાન અને ઘરની વસ્તુઓનો શક્ય તેટલો પુનઃઉપયોગ કરો.
- દીવો, માચિસ, ગેસ, ગરમ વાસણ, કાતર, નાની વસ્તુઓ અને બહારની રમતોમાં બાળકની ઉંમર મુજબ દેખરેખ રાખો. અસલી ફટાકડાનો ઉપયોગ કરાવશો નહીં.

આટલું કરીએ
(ધોરણ– બાલવાટિકાથી ધોરણ–૨)

Children's Research University
RESEARCH UNIVERSITY

બાલવાટિકાથી ધોરણ ૨
રમતાં–રમતાં શીખવાની સરળ પ્રવૃત્તિઓ

વાલી માટે નોંધ: આ ઉંમરે પ્રવૃત્તિ ટૂંકી, રમૂજી અને મોટાની નજીક રહીને કરાવવી. બાળકને રંગો, શબ્દો અને વસ્તુઓ ઓળખવા માટે પ્રોત્સાહિત કરો.

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
1	માટીનાં કોડિયાં રંગો: માટીનાં કોડિયાં પર પીંછીથી રંગ ભરો. કોડિયાં સુકાઈ જાય પછી તેને ઘરમાં સજાવો. તેલ ભરવું અને દીવો પ્રગટાવવાનું કામ માત્ર મોટાઓ કરે.
2	નાની રંગોળી બનાવો: કાગળ પર ગોળ, ચોરસ કે ત્રિકોણ દોરી તેમાં રંગ ભરો. જમીન પર રંગોળી બનાવો. વાલી પાસે બેસીને મદદ લો અને રંગો મોઢામાં ન નાખો.
3	રંગોનાં નામ ઓળખો: ઘરમાં કોઈ રંગોળી બનાવે ત્યારે લાલ, પીળો, લીલો, વાદળી જેવા રંગો ઓળખો અને મોટેથી બોલો.
4	ફૂલ–પાનનું તોરણ: આસોપાલવનાં પાન અને ગલગોટાનાં ફૂલ ભેગાં કરીને તોરણ બનાવો. સોયનો ઉપયોગ ન કરો; દોરી બાંધવામાં વાલી મદદ કરે.
5	મીઠાઈ ગણીને ગોઠવો: ઘરમાં બનેલી કે લાવેલી મીઠાઈ પ્લેટમાં ગોઠવતાં ૧થી ૧૦ સુધી ગણો. મીઠાઈને હાથ લગાવતાં પહેલાં હાથ ધુઓ.
6	પરિવારનું અંગૂઠાછાપ વૃક્ષ: કાગળ પર ઝાડ દોરો. ધોઈ શકાય તેવા, બાળકો માટે સુરક્ષિત રંગથી પરિવારના સભ્યોના અંગૂઠાની છાપ પાંદડાં તરીકે પાડો અને વાલીની મદદથી નામ લખો.
7	પોતાની વસ્તુઓ ગોઠવો: રમકડાં, પુસ્તકો અને ચપ્પલ/જૂતાં ઉપયોગ પછી તેમની યોગ્ય જગ્યાએ ગોઠવો.
8	દિવાળીની વાર્તા સાંભળો: દાદા–દાદી કે ઘરના વડીલો પાસેથી દિવાળી, રામના અયોધ્યા આગમન અથવા પરિવારની કોઈ જૂની તહેવારની વાર્તા સાંભળો. પછી તમને ગમેલો ભાગ કહો.
9	કાગળનો પોપર બનાવો: જૂના કાગળની ઘડી વાળીને મોટાની મદદથી કાગળનો પોપર બનાવો. અવાજ કરતાં તેને ચહેરા અને કાનથી દૂર રાખો; કોઈના કાન પાસે અવાજ ન કરો.
10	ઘરનાં વાસણો ઓળખો: રસોડામાં વપરાતાં વાસણોનાં નામ કહો. વાલી સાથે ચર્ચા કરો કે વાસણ સ્ટીલ, એલ્યુમિનિયમ, માટી કે અન્ય કઈ સામગ્રીનું છે અને તેની અંદાજિત કિંમત કેટલી હશે. ગરમ વાસણને હાથ ન લગાવો.
11	શાકભાજીની છાપથી કાર્ડ: ભીંડા કે બટાકાના ટુકડાની છાપથી કાગળ પર દિવાળીનું શુભેચ્છા કાર્ડ બનાવો. શાક કાપવાનું કામ મોટાઓ કરે; તમે રંગ અને છાપનું કામ કરો.
12	રૂની વાટ બનાવો: વાલીની મદદથી રૂને વાળી દીવા માટે વાટ બનાવતાં શીખો. દીવામાં તેલ ભરવું અને દીવો પ્રગટાવવો માત્ર મોટાઓની જવાબદારી છે.
13	માટી કે લોટથી આકારો: માટી કે લોટના નાના ગોળા, દીવો, રોટલી કે મીઠાઈના આકાર બનાવો. તેને ખાવાની વસ્તુથી અલગ રાખો અને પછી હાથ ધુઓ.
14	દીવાનું ચિત્ર દોરો: કાગળ પર દીવાનું ચિત્ર દોરી ક્રેયોન કે રંગપેન્સિલથી રંગ ભરો.

આટલું કરીએ
(ધોરણ– બાલવાટિકાથી ધોરણ–૨)

Children's Research University
RESEARCH UNIVERSITY

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
15	કાગળનું તોરણ: જૂના રંગીન કાગળ કે છાપામાંથી આકાર કાપીને દોરી પર ગુંદરથી ચોંટાડો અને તોરણ બનાવો. કાતરનો ઉપયોગ વાલી પાસે બેસીને કરો.
16	સંતાકૂકડી કે થપ્પો: ઘરના આંગણામાં કે સુરક્ષિત રૂમમાં ભાઈ–બહેન અને મિત્રો સાથે સંતાકૂકડી અથવા થપ્પો રમો. રસ્તા, સીડીઓ કે રસોડા પાસે દોડશો નહીં.
17	ચમચી–લીંબુ દોડ: ચમચીમાં લીંબુ રાખીને ધીમે–ધીમે ચાલવાની મૈત્રીપૂર્ણ સ્પર્ધા કરો. દોડતી વખતે એકબીજાને ધક્કો ન મારો.
18	ફુગ્ગો હવામાં રાખો: મોટાની મદદથી ફુગ્ગો ફુલાવો. તેને જમીન પર પડવા ન દેતાં હળવેથી ઉપર ઉછાળો. ફુગ્ગો ફાટી જાય તો તેના ટુકડા તરત મોટાઓને આપો.
19	સુરક્ષિત પગથિયાં પર ગણતરી: ઘરમાં સુરક્ષિત અને નીચાં પગથિયાં હોય તો વાલીની દેખરેખમાં ધીમે ચઢો–ઉતરો અને ૧થી ૨૦ ગણો. પગથિયાં ન હોય તો જમીન પર ૨૦ ખાનાં દોરી ગણતરી કરો.
20	ખાનાંવાળી કૂદકાની રમત: આંગણામાં ચોકથી ખાનાં દોરો અને લંગડી અથવા દેડકા જેવી કૂદકાની રમત રમો. જમીન સમતળ અને લપસણી ન હોય તેની ખાતરી કરો.
21	સ્પર્શથી વસ્તુ ઓળખો: વાલી પાસે બેસીને આંખ બંધ કરી કે ઢીલી પટ્ટી બાંધીને ચમચી, વાટકી, રમકડું કે પાન જેવી સલામત વસ્તુ સ્પર્શથી ઓળખો. તીક્ષ્ણ કે ગરમ વસ્તુ ન વાપરો.
22	અવાજની નકલ કરો: ફટાકડા જેવા અવાજની મોઢેથી નકલ કરો અથવા કાગળ હલાવી અવાજ કરો અને મિત્રોનો અવાજ ઓળખો. અસલી ફટાકડા વાપરવાના નથી.
23	એક રંગની ત્રણ વસ્તુ શોધો: વાલી એક રંગનું નામ કહે. ઘરમાંથી એ રંગની ત્રણ વસ્તુ શોધીને લાવો અને તેમના નામ બોલો.
24	ગુજરાતી અક્ષર શોધો: જૂનાં છાપાં કે ચોપડીમાં ‘ક’, ‘ખ’, ‘ગ’ અથવા તમારા નામનો પહેલો અક્ષર શોધી પેન્સિલથી ગોળ કરો.
25	કઠોળ અલગ પાડો: ચણા, મગ કે વટાણા જેવી વસ્તુઓ વાલી સાથે અલગ–અલગ વાટકીમાં ગોઠવો. નાનાં બાળકો હોય તો દાણા મોઢામાં ન જાય તેની ખાસ દેખરેખ રાખો.
26	મોજાંની જોડી બનાવો: ધોયેલાં મોજાં ભેગાં કરીને રંગ કે ડિઝાઇન મુજબ તેની જોડી શોધો અને યોગ્ય રીતે ગોઠવો.
27	ખરી પડેલી પાંદડીઓથી ચિત્ર: આંગણામાં કે રસ્તા પર પડેલાં સૂકાં પાન ભેગાં કરી કાગળ પર ચોંટાડીને ફૂલ, પક્ષી કે પ્રાણીનું ચિત્ર બનાવો. ઝાડ પરથી પાન તોડશો નહીં.
28	થાળી ગોઠવવામાં મદદ કરો: પરિવાર માટે પ્લેટ, ચમચી અને વાટકીઓ ગોઠવો. દરેક સભ્ય માટે કેટલી પ્લેટ જોઈએ તે ગણી જુઓ.
29	ગુજરાતીમાં શુભેચ્છા આપો: પરિવારના વડીલ કે સગાંને ફોન પર અથવા મળીને “સાલ મુબારક” કે “દિવાળીની શુભેચ્છા” કહો.
30	બાલગીત કે જોડકણું ગાઓ: દાદા–દાદી સાથે જાણીતું બાલગીત કે જોડકણું ગાઓ. તેમાં નવા શબ્દોનો અર્થ પૂછો.
31	ઘરના છોડને પાણી આપો: નાની ડોલ કે કપથી છોડને જરૂર મુજબ પાણી આપો. પાણી વેડફાય નહીં તેનું ધ્યાન રાખો.

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
32	વસ્તુઓનાં નામ બોલો: ઘરમાંથી પાંચ વસ્તુ પસંદ કરો અને દરેકનું નામ તથા તેનો ઉપયોગ એક–એક વાક્યમાં કહો.

આ જૂથમાં કુલ 32 પ્રવૃત્તિઓ છે. બાળકની રુચિ અને સગવડ મુજબ પસંદ કરો.

આટલું કરીએ
(ધોરણ– બાલવાટિકાથી ધોરણ–૨)

Children's Research University
RESEARCH UNIVERSITY

રમતગમતની ઇનામી સ્પર્ધા

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વિવિધ રમતોની ઇનામી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધાનો સમયગાળો: ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ થી ૩ જાન્યુઆરી, ૨૦૨૭

વયજૂથ: અંડર–૯, અંડર–૧૧, અંડર–૧૩ અને અંડર–૧૫

નોંધણીની છેલ્લી તારીખ: ૩૦ નવેમ્બર, ૨૦૨૬

સત્તાવાર નોંધણી અને વધુ માહિતી:
https://drive.google.com/file/d/1jSdVgv0DhBOgnUY0WpdBzIoId22SPBK7/view?usp=drive_link

વિગતોનો QR કોડ

વાલીઓનો પ્રતિભાવ

વહાલા વાલીઓ અને વિદ્યાર્થીમિત્રો,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ના દિવાળી વેકેશન માટે તૈયાર કરવામાં આવેલી પ્રવૃત્તિઓ આપને કેવી લાગી? તમારા મૂલ્યવાન પ્રતિભાવો અમારા માટે ખૂબ મહત્ત્વના છે. આપના પ્રતિભાવો દ્વારા ભવિષ્યમાં વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં અને શૈક્ષણિક સંશોધનને નવી દિશા આપવામાં મદદ મળશે.

ફીડબેક ફોર્મ: https://forms.gle/U9xpxqaY4YKPYCg4A

ઓનલાઇન ફોર્મમાં તમારી વિગતો અને પ્રવૃત્તિઓ અંગેનાં મંતવ્યો નોંધો.

બાળકની પ્રવૃત્તિઓના ફોટા, વીડિયો અને સૂચનો 7575962929 પર બાળકનું નામ અને ધોરણ સાથે મોકલશો.

ફીડબેક ફોર્મનો QR કોડ

આપના સહકાર બદલ આભાર!

આટલું કરીએ
(ધોરણ– 3 થી 5)

Children's RESEARCH UNIVERSITY

દિવાળી વેકેશન
આનંદથી શીખીએ!

પ્રિય વાલીશ્રી,

દિવાળીનું વેકેશન પરિવાર સાથે સમય પસાર કરવાનો, નવી બાબતો શીખવાનો અને પોતાની આસપાસની દુનિયાને સમજવાનો સારો અવસર છે. નીચેની પ્રવૃત્તિઓ રમતાં–રમતાં શીખવા માટે તૈયાર કરવામાં આવી છે. વેકેશન દરમિયાન આપનું બાળક ઘરે રહીને દરરોજ નવી પ્રવૃત્તિ અથવા નાનો પ્રોજેક્ટ કરી શકે તેવી સંભવિત યાદી અહીં આપવામાં આવી છે. તેમાંથી આપ શક્ય હોય તેટલી પ્રવૃત્તિઓ પસંદ કરી શકો છો અથવા તેના જેવી બીજી પ્રવૃત્તિઓ પણ કરાવી શકો છો. આ પ્રવૃત્તિઓ બાળકને આગામી ધોરણના અભ્યાસ માટે પૂર્વતૈયારી કરવામાં મદદરૂપ થશે. પ્રવૃત્તિઓની માહિતી માટે આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરો.

વાલીઓ માટે ઉપયોગી સૂચનાઓ

- બધી પ્રવૃત્તિઓ કરવી ફરજિયાત નથી. બાળકની ઉંમર, રુચિ અને ઘરમાં ઉપલબ્ધ સામગ્રી મુજબ પસંદગી કરો.
- દરરોજ થોડો સમય આપો. બાળકને પોતાની રીતે કરવાનો મોકો આપો; જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપો.
- મોંઘી સામગ્રી ખરીદવાની જરૂર નથી. જૂના કાગળ, ખરી પડેલાં પાન અને ઘરની વસ્તુઓનો શક્ય તેટલો પુનઃઉપયોગ કરો.
- દીવો, માચિસ, ગેસ, ગરમ વાસણ, કાતર, નાની વસ્તુઓ અને બહારની રમતોમાં બાળકની ઉંમર મુજબ દેખરેખ રાખો. અસલી ફટાકડાનો ઉપયોગ કરાવશો નહીં.

આટલું કરીએ
(ધોરણ– 3 થી 5)

Children's Research University

ધોરણ 3 થી 5

રમતાં–રમતાં શીખવાની સરળ પ્રવૃત્તિઓ

વાલી માટે નોંધ: બાળકને વાંચવા, લખવા, ગણતરી કરવા અને પોતાની વાત રજૂ કરવા કહો. જ્યાં શક્ય હોય ત્યાં બાળક જાતે નોંધ કરે.

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
1	બાળગીત અને જોડકણાં: દાદા–દાદી સાથે દિવાળી અથવા અન્ય વિષયનાં બે–ચાર લીટીનાં બાળગીતો/જોડકણાં ગાઓ અને તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરો.
2	હલકું કે ભારે?: કાપડની થેલીમાં ઘરની સુરક્ષિત વસ્તુઓ એક પછી એક મૂકો. કઈ વસ્તુથી થેલી ભારે કે હલકી લાગે છે તેનો અંદાજ લગાવો અને પછી સરખામણી કરો.
3	શબ્દસાંકળ: એક શબ્દ બોલો. તેના છેલ્લા અવાજ/અક્ષરથી શરૂ થતો બીજો શબ્દ બનાવો. જેમ કે: લાલ → લખોટી → ટામેટું. શક્ય હોય તેટલા નવા શબ્દો શોધો.
4	ખરીદીની યાદી બનાવો: દિવાળી માટે ઘરમાં જરૂરી વસ્તુઓની યાદી લખો. વાલીને ખરીદીમાં મદદ કરો અને યાદીમાંની બધી વસ્તુઓ મળી છે કે નહીં તે તપાસો.
5	શુભેચ્છા કાર્ડ બનાવો: કાગળ કે કાર્ડશીટ પર દિવાળી અથવા નૂતન વર્ષની ડિઝાઇન દોરો અને ગુજરાતી કે અંગ્રેજીમાં શુભેચ્છા લખીને મિત્ર/સગાને આપો.
6	વડીલોની દિવાળી વિશે જાણો: દાદા–દાદીને પૂછો કે તેઓ નાના હતા ત્યારે દિવાળી કેવી રીતે ઉજવતા. ત્રણથી પાંચ રસપ્રદ વાતો નોંધો.
7	આકારોની રંગોળી: ગોળ, ચોરસ, ત્રિકોણ અને લંબચોરસ જેવા આકારો વડે રંગોળી બનાવો. રંગોળીમાં દેખાતા દરેક આકારની ગણતરી કરો.
8	સિક્કાની છાપ અને ગણતરી: સિક્કાને કાગળની નીચે રાખીને પેન્સિલથી હળવું ઘસીને તેની છાપ જુઓ. સિક્કાની કિંમત વાંચો અને અલગ–અલગ સિક્કાથી કેટલી રકમ થાય તેની ગણતરી કરો.
9	ક્રમવાળું તોરણ: આસોપાલવનાં પાન–ફૂલથી તોરણ બનાવો. પાન–ફૂલ–પાન–ફૂલ એવો ક્રમ રાખો અને ક્રમ કેટલાં વખત પુનરાવર્તી થયો તે ગણી જુઓ.
10	માટી, લોટ કે ક્લેની રચના: માટી, લોટ કે ક્લેથી દીવો, મીઠાઈ, રમકડું કે ફટાકડાનો પ્રતીકાત્મક આકાર બનાવો. અસલી ફટાકડા બનાવવાના નથી.
11	નવા રંગ બનાવો: વાલીની દેખરેખમાં વોટર કલરના બે રંગ ભેળવો, જેમ કે લાલ અને પીળો. કયો નવો રંગ બને છે તે નોંધો.
12	દિવાળીનો એક દિવસ દોરો: દિવાળી દરમિયાન તમે કરેલી પ્રવૃત્તિઓમાંથી એક દિવસ પસંદ કરો. તેનું ચિત્ર દોરી રંગો ભરો અને મિત્રને સમજાવો.
13	સ્વચ્છતા અને ગોઠવણી: તમારાં રમકડાં, પુસ્તકો અને કપડાં ગોઠવો. ઉપયોગી ન હોય તેવી વસ્તુઓ વાલીને બતાવો; દાન કરવી કે નહીં તે પરિવાર નક્કી કરે.

આટલું કરીએ
(ધોરણ– 3 થી 5)

Children's RESEARCH UNIVERSITY

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
14	પાનથી પ્રાણી કે પક્ષી: ઝાડ નીચે પડેલાં અલગ–અલગ આકારનાં સૂકાં પાન ભેગાં કરો અને કાગળ પર ચોંટાડીને પ્રાણી કે પક્ષી બનાવો.
15	પાણી બચાવવાની રીત: છોડને નાની ડોલ કે કપથી પાણી આપો. પાઇપથી પાણી આપવાની સરખામણીએ કેટલું પાણી બચી શકે તે વિશે વાલી સાથે ચર્ચા કરો.
16	સ્મૃતિની થાળી: થાળીમાં ૧૦ નાની, સલામત વસ્તુઓ મૂકો. એક મિનિટ ધ્યાનથી જુઓ; પછી થાળી ઢાંકો અને યાદ રહેલી વસ્તુઓ લખો કે કહો.
17	દિવાળી વિશે પથી ૭ વાક્યો: ઘરના સભ્યો સાથે વાત કરીને દિવાળી વિશે પાંચથી સાત વાક્યો નોટબુકમાં લખો અને પરિવારને વાંચી સંભળાવો.
18	ચિત્ર પરથી વાર્તા: છાપાં કે જૂના પુસ્તકમાંનું કોઈ ચિત્ર પસંદ કરો. તેના આધારે પાંચ વાક્યોની વાર્તા કે નાનો ફકરો લખો.
19	એક વસ્તુનું વર્ણન: માટીનો દીવો, રંગોળી કે ઘરની બીજી કોઈ વસ્તુ પસંદ કરો અને તેના વિશે સળંગ પાંચ વાક્યો બોલો.
20	ખરીદીના ભાવનો સરવાળો: દિવાળી માટે ખરીદેલી પાંચ વસ્તુઓના ભાવ નોંધો. ઊભો સરવાળો કરો અને કુલ રકમ વાલીને બતાવો.
21	પેકેટ પરનું વજન વાંચો: મીઠાઈ કે ફરસાણના પેકેટ પર લખેલું વજન ગ્રામ કે કિલોગ્રામમાં વાંચો અને નોટબુકમાં લખો. બે પેકેટનું વજન સરખાવો.
22	ગુજરાતી માસ અને તહેવારો: ગુજરાતી મહિનાનાં નામ અને તેમાં આવતા તહેવારોની યાદી બનાવો. પરિવાર કે પંચાંગની મદદથી માહિતી ચકાસો.
23	કાગળમાંથી સુશોભન: જૂના કાગળમાંથી ફૂલ, પંખો, રમકડું અથવા તોરણ બનાવો અને ઘરની સજાવટમાં વાપરો.
24	ટપકાં જોડીને રંગોળી: નોટબુકમાં ૮, ૯ અથવા ૧૦ ટપકાં ગોઠવો. ટપકાં જોડીને ભૌમિતિક આકારવાળી રંગોળી બનાવો અને રંગ ભરો.
25	પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો: ફટાકડાના અવાજ અને ધુમાડાથી થતી તકલીફો વિશે પરિવાર સાથે વાત કરો. પ્રદૂષણ ઘટાડવા માટે તમે અપનાવી શકો એવા ત્રણ ઉપાય લખો.
26	પાંચ વૃક્ષોનાં પાન ઓળખો: ઘરની આસપાસથી ખરી પડેલાં પાંચ અલગ–અલગ વૃક્ષનાં પાન ભેગાં કરી નોટબુકમાં ચોંટાડો અને શક્ય હોય તો વૃક્ષનાં નામ લખો.
27	પરંપરાગત રમત રમો: પરિવાર કે મિત્રો સાથે ખો–ખો, કબડ્ડી, સાતતાળી/લંગડી કે તમને આવડતી બીજી પરંપરાગત રમત રમો. નિયમો અને સલામતીનું ધ્યાન રાખો.
28	ગુજરાતી હસ્તકલા શોધો: બાંધણી, પટોળું, પીઠોરા ચિત્રકામ અથવા માતાની પછેડી જેવી કોઈ એક ગુજરાતી કળા વિશે પરિવાર/પુસ્તકની મદદથી જાણો અને નમૂનાની ડિઝાઇન દોરો.
29	સ્થાનિક કારીગર સાથે વાત: વાલી સાથે કુંભાર, દરજી, ખેડૂત કે દુકાનદાર જેવા સ્થાનિક કારીગર/વ્યવસાયી સાથે વાત કરો. તેમના કામ વિશે ત્રણથી પાંચ પ્રશ્નો પૂછો અને જવાબો નોંધો.

આટલું કરીએ

(ધોરણ– 3 થી 5)

Children's Research University
RESEARCH UNIVERSITY

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
30	મારી મિલકત: તમારી કહેવાય તેવી વસ્તુઓ જેવી કે બેગ, રમકડાં, રંગ, કપડાં, વગેરેની યાદી કરો. તેની કિંમત પૂછી તેની કુલ કિંમત ગણો.
31	રોજનું વાંચન: દરરોજ ૧૦થી ૧૫ મિનિટ ઉંમરને યોગ્ય વાર્તા કે પુસ્તક વાંચો. અંતે તમને ગમેલી એક વાત કે નવા ત્રણ શબ્દો લખો.
32	પરિવારનું નાનો વંશવૃક્ષ: પરિવારના સભ્યોનાં નામ અને સંબંધો પૂછો. કાગળ પર સરળ વંશવૃક્ષ બનાવો અને દરેકનું નામ સ્પષ્ટ લખો.

આ જૂથમાં કુલ 32 પ્રવૃત્તિઓ છે. બાળકની રુચિ અને સગવડ મુજબ પસંદ કરો.

આટલું કરીએ
(ધોરણ– 3 થી 5)

Children's Research University
RESEARCH UNIVERSITY

રમતગમતની ઇનામી સ્પર્ધા

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વિવિધ રમતોની ઇનામી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધાનો સમયગાળો: ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ થી ૩ જાન્યુઆરી, ૨૦૨૭

વયજૂથ: અંડર–૯, અંડર–૧૧, અંડર–૧૩ અને અંડર–૧૫

નોંધણીની છેલ્લી તારીખ: ૩૦ નવેમ્બર, ૨૦૨૬

સત્તાવાર નોંધણી અને વધુ માહિતી:
https://drive.google.com/file/d/1jSdVgv0DhBOgnUY0WpdBzIoId22SPBK7/view?usp=drive_link

વિગતોનો QR કોડ

વાલીઓનો પ્રતિભાવ

વહાલા વાલીઓ અને વિદ્યાર્થીમિત્રો,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ના દિવાળી વેકેશન માટે તૈયાર કરવામાં આવેલી પ્રવૃત્તિઓ આપને કેવી લાગી? તમારા મૂલ્યવાન પ્રતિભાવો અમારા માટે ખૂબ મહત્ત્વના છે. આપના પ્રતિભાવો દ્વારા ભવિષ્યમાં વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં અને શૈક્ષણિક સંશોધનને નવી દિશા આપવામાં મદદ મળશે.

ફીડબેક ફોર્મ: https://forms.gle/U9xpxqaY4YKPYCg4A

ઓનલાઇન ફોર્મમાં તમારી વિગતો અને પ્રવૃત્તિઓ અંગેનાં મંતવ્યો નોંધો.

બાળકની પ્રવૃત્તિઓના ફોટા, વીડિયો અને સૂચનો 7575962929 પર બાળકનું નામ અને ધોરણ સાથે મોકલશો.

ફીડબેક ફોર્મનો QR કોડ

આપના સહકાર બદલ આભાર!

આટલું કરીએ
(ધોરણ– ૬ થી ૮)

Children's RESEARCH UNIVERSITY

દિવાળી વેકેશન
આનંદથી શીખીએ!

પ્રિય વાલીશ્રી,

દિવાળીનું વેકેશન પરિવાર સાથે સમય પસાર કરવાનો, નવી બાબતો શીખવાનો અને પોતાની આસપાસની દુનિયાને સમજવાનો સારો અવસર છે. નીચેની પ્રવૃત્તિઓ રમતાં–રમતાં શીખવા માટે તૈયાર કરવામાં આવી છે. વેકેશન દરમિયાન આપનું બાળક ઘરે રહીને દરરોજ નવી પ્રવૃત્તિ અથવા નાનો પ્રોજેક્ટ કરી શકે તેવી સંભવિત યાદી અહીં આપવામાં આવી છે. તેમાંથી આપ શક્ય હોય તેટલી પ્રવૃત્તિઓ પસંદ કરી શકો છો અથવા તેના જેવી બીજી પ્રવૃત્તિઓ પણ કરાવી શકો છો. આ પ્રવૃત્તિઓ બાળકને આગામી ધોરણના અભ્યાસ માટે પૂર્વતૈયારી કરવામાં મદદરૂપ થશે. પ્રવૃત્તિઓની માહિતી માટે ક્યૂઆર કોડ સ્કેન કરો.

વાલીઓ માટે ઉપયોગી સૂચનાઓ

- બધી પ્રવૃત્તિઓ કરવી ફરજિયાત નથી. બાળકની ઉંમર, રુચિ અને ઘરમાં ઉપલબ્ધ સામગ્રી મુજબ પસંદગી કરો.
- દરરોજ થોડો સમય આપો. બાળકને પોતાની રીતે કરવાનો મોકો આપો; જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપો.
- મોંઘી સામગ્રી ખરીદવાની જરૂર નથી. જૂના કાગળ, ખરી પડેલાં પાન અને ઘરની વસ્તુઓનો શક્ય તેટલો પુનઃઉપયોગ કરો.
- દીવો, માચિસ, ગેસ, ગરમ વાસણ, કાતર, નાની વસ્તુઓ અને બહારની રમતોમાં બાળકની ઉંમર મુજબ દેખરેખ રાખો. અસલી ફટાકડાનો ઉપયોગ કરાવશો નહીં.

આટલું કરીએ
(ધોરણ– ૬ થી ૮)

Children's Research University
RESEARCH UNIVERSITY

ધોરણ ૬ થી ૮
રમતાં–રમતાં શીખવાની સરળ પ્રવૃત્તિઓ

વાલી માટે નોંધ: બાળક માહિતી શોધે, અવલોકન કરે અને પોતાના શબ્દોમાં તારણ લખે. જરૂર પડે ત્યારે વિશ્વસનીય પુસ્તક/સ્રોત અને વાલીનું માર્ગદર્શન લો.

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
1	ભીનો અને સૂકો કચરો અલગ કરો: ઘરની સફાઈ વખતે નીકળતો ભીનો/જૈવિક કચરો અને સૂકો કચરો અલગ કરો. તમારા ઘરમાં કે નગરપાલિકા/ગ્રામ પંચાયતની સૂચના મુજબ યોગ્ય ડબ્બામાં નાખો.
2	પાણીમાં ઊગી શકે એવો છોડ: મોટાઓ પાસેથી પાણીમાં ઊગી શકે એવા છોડ વિશે જાણો. સુરક્ષિત, સાફ પ્લાસ્ટિકના વાસણમાં પાણી ભરીને તેમાં છોડ મૂકો અને પાંચથી સાત દિવસ સુધી તેના વિકાસની નોંધ કરો.
3	દિવાળીના દિવસોનો અહેવાલ: ધનતેરસથી ભાઈબીજ સુધીના ઓછામાં ઓછા પાંચ દિવસોમાં તમે શું કર્યું તે ૧૫થી ૨૦ વાક્યોમાં લખો. તહેવારની પરંપરા અને તમારો અનુભવ બંને નોંધો.
4	છાપાના કાગળમાંથી શબ્દો: પડીકાં કે જૂના અખબારમાંથી ૧૦ નવા શબ્દો શોધો. દરેક શબ્દનો અર્થ જાણો અને તે શબ્દથી એક વાક્ય બનાવો.
5	મુસાફરીનો સમય ગણો: વેકેશનમાં પ્રવાસ કરો તો નીકળ્યાનો અને પહોંચ્યાનો સમય લખો. કુલ સમય કલાક અને મિનિટમાં ગણો અને પ્રવાસમાં કરેલી પ્રવૃત્તિઓ નોંધો.
6	મીઠાઈનું વજન અને કિંમત: ઘરમાં આવેલી મીઠાઈનું પેકેટ વાંચો અથવા વાલી પાસેથી માહિતી મેળવો. તેનું વજન, કિંમત અને બનાવવામાં વપરાતી સામગ્રીની યાદી બનાવો.
7	આગ વગરની વાનગી: વાલીની દેખરેખમાં ભેળ, લીંબુ શરબત કે મસાલા મમરા જેવી આગ વગર બનતી વાનગી બનાવતાં શીખો. હાથ ધુઓ, સ્વચ્છ વાસણો વાપરો અને એલર્જી હોય તેવી સામગ્રી ટાળો.
8	દૈનિક નોંધ અને ખરીદીના હિસાબ: વેકેશનના દિવસોમાં રોજની મુખ્ય પ્રવૃત્તિઓની ટૂંકી નોંધ કરો. શાકભાજી કે કરિયાણાના એકાદ બિલમાંથી આંકડા લઈ સરવાળો, બાદબાકી અને કુલ ખર્ચ ગણો.
9	ત્રણ ભાષામાં વસ્તુઓનાં નામ: રસોડા કે ઘરમાંથી ૧૫થી ૨૦ વસ્તુ પસંદ કરો. તેમનાં નામ ગુજરાતી અને અંગ્રેજીમાં લખો; સંસ્કૃત નામ વિશ્વસનીય પુસ્તક કે શબ્દકોશની મદદથી શોધો.
10	સપનાના ઘરનો નકશો: કાગળ પર તમારા સપનાના ઘરનો નકશો દોરો. ફૂટપટ્ટીથી રૂમની લંબાઈ અને પહોળાઈ સેન્ટીમીટરમાં માપો તથા લંબાઈ × પહોળાઈથી ક્ષેત્રફળ અને ૨ × (લંબાઈ + પહોળાઈ)થી પરિમિતિ ગણો.
11	ગામ કે વિસ્તારનો ઇતિહાસ: ઘરના વડીલો સાથે વાતચીત કરીને ગામ/વિસ્તારની જૂની વાતો, કૂવો, મંદિર, તળાવ કે શાળાનો ઇતિહાસ જાણો અને આશરે ૧૫૦ શબ્દોમાં અહેવાલ લખો.
12	અંગ્રેજી ડાયરી: વેકેશનના દરેક દિવસે તમે શું કર્યું તે અંગ્રેજીમાં ત્રણથી પાંચ વાક્યોમાં લખો. ઉદાહરણ: "Today I helped my family to clean the house."
13	સંસ્કૃત સુભાષિત: પાઠ્યપુસ્તકમાંથી પાંચ સંસ્કૃત સુભાષિત પસંદ કરો. સુંદર અક્ષરે લખો, નીચે ગુજરાતી અર્થ આપો અને જીવનમાં તેનો ઉપયોગ ક્યાં થઈ શકે તે તમારા શબ્દોમાં લખો.
14	ભારતનો નકશા–પઝલ: જૂના પૂઠા પર ભારતનો નકશો દોરો અથવા છાપેલો નકશો ચોંટાડો. રાજ્યનાં નામ અને પાટનગર લખો. પઝલ ગોઠવો.

આટલું કરીએ

(ધોરણ– ૬ થી ૮)

Children's Research University

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
15	વાનગીનો ખર્ચ ગણો: ઘરમાં બનતી મીઠાઈ કે ફરસાણમાં વપરાતી સામગ્રી, તેનું અંદાજિત વજન અને કિંમત નોંધો. બધાનો સરવાળો કરીને કુલ ખર્ચ ગણો.
16	એક ઝાડનું પાંચ દિવસ નિરીક્ષણ: ઘરની આસપાસનું એક ઝાડ પસંદ કરો. પાંચ દિવસ સુધી પાન, ફૂલ, ફળ અને તેની આસપાસ આવતાં પક્ષીઓનું અવલોકન કરો અને ટૂંકી નોંધ લખો.
17	અવાજ પ્રદૂષણ સામે સૂત્રો: અવાજ પ્રદૂષણ ઘટાડવા માટે પાંચ સૂત્રો ગુજરાતી અને અંગ્રેજીમાં લખો. કાગળ પર સુંદર રીતે રજૂ કરો અને યોગ્ય જગ્યાએ લગાવો.
18	અંગ્રેજી શુભેચ્છા કાર્ડ: જૂના કે નવા કાગળમાંથી કાર્ડ બનાવો અને પરિવાર કે મિત્ર માટે અંગ્રેજીમાં તમારી પોતાની શુભેચ્છા લખો.
19	૫૦૦ શબ્દોની સાહસકથા: સમયપ્રવાસી કે જાદુઈ પેન્સિલ ધરાવતું બાળક જેવા કાલ્પનિક પાત્રને લઈને આશરે ૫૦૦ શબ્દોની સાહસકથા લખો અને મુખ્ય દૃશ્યનું ચિત્ર દોરો.
20	વર્ષ ૨૦૫૦નું અખબાર: જૂના અખબાર જેટલા કદના કાગળ પર વર્ષ ૨૦૫૦નું કલ્પિત અખબાર બનાવો. તેમાં ભવિષ્યના વાહનો, શાળા, પર્યાવરણ કે જીવન વિશે સમાચાર, જાહેરાત અને ચિત્રો ઉમેરો.
21	અનાજથી ભૌમિતિક રંગોળી: ચોખા, મગ, ઘઉંના દાણા કે રંગીન કાગળથી ચોરસ, વર્તુળ કે ષટ્કોણ જેવી આકૃતિઓની રંગોળી બનાવો. દરેક આકારની અંદાજિત જગ્યા સરખાવો.
22	ચેવડો કે મસાલા મમરા: વાલીની મદદથી પૌઆનો ચેવડો કે મસાલા મમરા બનાવતાં શીખો. ગરમ કડાઈ, ગેસ અને ગરમ તેલનું કામ માત્ર મોટાઓ કરે.
23	સરળ વૈજ્ઞાનિક પ્રયોગો: મોટાની દેખરેખમાં ત્રણ સરળ પ્રયોગ કરો, જેમ કે વસ્તુઓ પાણીમાં તરે કે ડૂબે તેનું પરીક્ષણ, રંગીન પાણીનું કાગળમાં ઉપર ચડવું, અથવા ઘરગથ્થુ ફિલ્ટરથી પાણી ગાળવાનું મોડેલ. પ્રયોગનું પાણી પીવું નહીં; કોઈ રસાયણ કે સફાઈના પ્રવાહી ભેળવવાં નહીં.
24	સુરક્ષિત અવરોધ કૂદ: ખુલ્લી, સમતળ અને સુરક્ષિત જગ્યાએ નરમ તથા નીચી વસ્તુઓ ગોઠવી મોટાની દેખરેખમાં તેના પરથી કૂદવાની પ્રેક્ટિસ કરો. પથ્થર કે તીક્ષ્ણ વસ્તુ ન વાપરો.
25	લાંબી કૂદ: મેદાનમાં રેખા દોરી સમતળ જમીન પર લાંબી કૂદની પ્રેક્ટિસ કરો. ઉતરવાની જગ્યા ખાલી અને સુરક્ષિત રાખો.
26	બોલ ફેંકવાની પ્રેક્ટિસ: સામાન્ય ટેનિસ બોલને ખુલ્લા મેદાનમાં નિર્ધારિત દિશામાં ફેંકો અને અંતર માપો. લોકો, વાહનો કે બારીઓ તરફ બોલ ન ફેંકો.
27	યોગ અને શ્વાસની કસરતો: રોજ થોડો સમય તમને આવડતાં સરળ યોગાસન અને સામાન્ય શ્વાસની કસરત કરો. શરીર પર ભાર ન આપો; અસ્વસ્થતા થાય તો બંધ કરીને વાલીને જણાવો.
28	ઘરમાં વીજળી અને પાણી બચત: એક દિવસ દરમિયાન ક્યાં પાણી કે વીજળી વપરાય છે તેનું અવલોકન કરો. બચત માટે પાંચ વ્યવહારુ ઉપાય લખો અને પરિવાર સાથે ચર્ચા કરો.
29	બિલમાં ડિસ્કાઉન્ટ અને બાકી રકમ: વાલીની મદદથી ખરીદીના બિલમાં વસ્તુની મૂળ કિંમત, ડિસ્કાઉન્ટ (જો હોય તો), ચૂકવેલી રકમ અને બાકી રકમ શોધો. જરૂરી ગણતરી નોટબુકમાં કરો.

આટલું કરીએ

(ધોરણ– ૬ થી ૮)

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
30	ગુજરાતની એક લોકકળાનો અભ્યાસ: બાંધણી, પટોળું, પીઠોરા અથવા માતાની પછેડીમાંથી એક કળા પસંદ કરો. તે ક્યાં પ્રચલિત છે, કઈ સામગ્રી વપરાય છે અને કેવી રીતે બને છે તે જાણીને નાનો અહેવાલ/પોસ્ટર બનાવો.
31	સ્થાનિક વ્યવસાયનું ઇન્ટરવ્યૂ: વાલીની મંજૂરી અને હાજરીમાં કુંભાર, દુકાનદાર, ખેડૂત, દરજી કે અન્ય વ્યવસાયી સાથે વાત કરો. તેમના કામ, સાધનો અને તહેવાર દરમિયાનના અનુભવ વિશે પાંચ પ્રશ્નો પૂછો.
32	મગ કે ચણાના અંકુરણનું નિરીક્ષણ: વાલીની મદદથી થોડા મગ કે ચણા ભીના કપાસમાં મૂકો. રોજ પાંચ દિવસ તેમની સ્થિતિ દોરો કે લખો. પ્રયોગમાં વપરાયેલા દાણા ખાવા નહીં.
33	સમાચારનો સાર લખો: અખબાર કે બાળકો માટેના વિશ્વસનીય સમાચાર માધ્યમમાંથી એક સમાચાર વાંચો. કોણ, શું, ક્યારે, ક્યાં, શા માટે અને કેવી રીતે – આ પ્રશ્નોના જવાબ આપીને પાંચથી સાત વાક્યોમાં સાર લખો.
34	તહેવારનું કલ્પિત બજેટ: પરિવાર સાથે ચર્ચા કરીને તહેવાર માટેની જરૂરી અને ઇચ્છિત વસ્તુઓની બે યાદી બનાવો. એક કલ્પિત બજેટ નક્કી કરી ભાવનો સરવાળો કરો અને કઈ વસ્તુને પ્રાથમિકતા આપશો તે સમજાવો.
35	ઘરના કચરામાંથી ખાતર: વાલીની મંજૂરીથી ફળ–શાકભાજીની છાલ જેવી યોગ્ય જૈવિક સામગ્રીમાંથી કમ્પોસ્ટ બનાવવાની રીત જાણો. હાથમોજાં/હાથધોવાની કાળજી રાખો અને વાસણ બંધ–સુરક્ષિત જગ્યાએ રાખો.
36	પરંપરાગત રમતના નિયમો લખો: પરિવારમાંથી કોઈ પરંપરાગત રમત શીખો. તેના નિયમો, ખેલાડીઓની સંખ્યા અને સ્કોર કેવી રીતે ગણાય તે લખો અને મિત્રો સાથે રમો.

આ જૂથમાં કુલ 36 પ્રવૃત્તિઓ છે. બાળકની રુચિ અને સગવડ મુજબ પસંદ કરો.

આટલું કરીએ
(ધોરણ– ૬ થી ૮)

Children's Research University

રમતગમતની ઇનામી સ્પર્ધા

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વિવિધ રમતોની ઇનામી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધાનો સમયગાળો: ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ થી ૩ જાન્યુઆરી, ૨૦૨૭

વયજૂથ: અંડર–૯, અંડર–૧૧, અંડર–૧૩ અને અંડર–૧૫

નોંધણીની છેલ્લી તારીખ: ૩૦ નવેમ્બર, ૨૦૨૬

સત્તાવાર નોંધણી અને વધુ માહિતી: https://drive.google.com/file/d/1jSdVgv0DhBOgnUY0WpdBzIoId22SPBK7/view?usp=drive_link

વિગતોનો QR કોડ

વાલીઓનો પ્રતિભાવ

વહાલા વાલીઓ અને વિદ્યાર્થીમિત્રો,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ના દિવાળી વેકેશન માટે તૈયાર કરવામાં આવેલી પ્રવૃત્તિઓ આપને કેવી લાગી? તમારા મૂલ્યવાન પ્રતિભાવો અમારા માટે ખૂબ મહત્ત્વના છે. આપના પ્રતિભાવો દ્વારા ભવિષ્યમાં વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં અને શૈક્ષણિક સંશોધનને નવી દિશા આપવામાં મદદ મળશે.

ફીડબેક ફોર્મ: https://forms.gle/U9xpxqaY4YKPYCg4A

ઓનલાઇન ફોર્મમાં તમારી વિગતો અને પ્રવૃત્તિઓ અંગેનાં મંતવ્યો નોંધો.

બાળકની પ્રવૃત્તિઓના ફોટા, વીડિયો અને સૂચનો 7575962929 પર બાળકનું નામ અને ધોરણ સાથે મોકલશો.

ફીડબેક ફોર્મનો QR કોડ

આપના સહકાર બદલ આભાર!

આટલું કરીએ
(ધોરણ– 9 અને 10)

Children's Research University
RESEARCH UNIVERSITY

દિવાળી વેકેશન
આનંદથી શીખીએ!

પ્રિય વાલીશ્રી,

દિવાળીનું વેકેશન પરિવાર સાથે સમય પસાર કરવાનો, નવી બાબતો શીખવાનો અને પોતાની આસપાસની દુનિયાને સમજવાનો સારો અવસર છે. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલી આ પ્રવૃત્તિઓ સ્વઅધ્યયન, અવલોકન, સર્જનાત્મકતા અને જીવનકૌશલ્યને પ્રોત્સાહન આપે છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થી ઘરે રહીને વિવિધ પ્રવૃત્તિઓ અથવા નાના પ્રોજેક્ટ કરી શકે તેવી યાદી અહીં આપવામાં આવી છે. તેમાંથી પોતાની રુચિ અને સગવડ મુજબ પ્રવૃત્તિઓ પસંદ કરી શકાય છે. પ્રવૃત્તિઓની માહિતી માટે ક્યૂઆર કોડ સ્કેન કરો.

વાલીઓ માટે ઉપયોગી સૂચનાઓ

- બધી પ્રવૃત્તિઓ કરવી ફરજિયાત નથી. બાળકની ઉંમર, રુચિ અને ઘરમાં ઉપલબ્ધ સામગ્રી મુજબ પસંદગી કરો.
- દરરોજ થોડો સમય આપો. બાળકને પોતાની રીતે કરવાનો મોકો આપો; જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપો.
- મોંઘી સામગ્રી ખરીદવાની જરૂર નથી. જૂના કાગળ, ખરી પડેલાં પાન અને ઘરની વસ્તુઓનો શક્ય તેટલો પુનઃઉપયોગ કરો.
- દીવો, માચિસ, ગેસ, ગરમ વાસણ, કાતર, નાની વસ્તુઓ અને બહારની રમતોમાં બાળકની ઉંમર મુજબ દેખરેખ રાખો. અસલી ફટાકડાનો ઉપયોગ કરાવશો નહીં.

આટલું કરીએ
(ધોરણ– 9 અને 10)

Children's Research University
RESEARCH UNIVERSITY

ધોરણ ૯ અને ૧૦
રમતાં–રમતાં શીખવાની સરળ પ્રવૃત્તિઓ

વિદ્યાર્થી માટે નોંધ: માહિતી શોધો, અવલોકન કરો અને પોતાના શબ્દોમાં તારણ લખો. જરૂર પડે ત્યારે વિશ્વસનીય પુસ્તક/સ્ત્રોત અને વાલીનું માર્ગદર્શન લો.

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
1	Google Lensનો ઉપયોગ: Google Lens માત્ર મોબાઇલ એપ નહીં, પરંતુ ડિજિટલ યુગમાં "વિજ્ઞાન અને જ્ઞાનનું નવું ચક્ષુ" છે. તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત વિઝ્યુઅલ કેમેરા ટૂલ છે, જે વસ્તુનો ફોટો પાડીને તેના વિશે માહિતી શોધવામાં મદદ કરે છે અને સ્વનિર્ભર શીખવાની ક્ષમતા વધારે છે. તેનો ઉપયોગ: (૧) Translate દ્વારા અન્ય ભાષાના લખાણનું પોતાની ભાષામાં ભાષાંતર, (૨) Text to Speech/Copy દ્વારા ચોપડીનું લખાણ ડિજિટલ કાગળ કે Wordમાં બદલવું, (૩) ગણિત–વિજ્ઞાનના અઘરા સમીકરણો/પ્રશ્નોના સ્ટેપ–બાય–સ્ટેપ ઉકેલ મેળવવો અને (૪) અજાણ્યા છોડ, પક્ષી, પથ્થર કે ઐતિહાસિક સ્થળ ઓળખવું. ઉદાહરણ તરીકે લીમડાના વૃક્ષનો ફોટો પાડીને તેનું નામ, વૈજ્ઞાનિક નામ અને ઉપયોગ જાણો. ત્યારબાદ Google Lensના Translateથી નીચેના વિધાનોનો ગુજરાતીમાં અનુવાદ કરી નોટબુકમાં લખો: ૧. **शिक्षा मम अधिकारः अस्ति।** ૨. I will never tell a lie in my life. ૩. भारत एक महान देश है। ૪. مجھے کرکٹ کھیلنا پسند ہے ૫. 私たちは一緒にお寺に行きます。 ૬. 古吉拉特邦的民间方言很优美。
2	Copilot એટલે શું? અને તેનો ઉપયોગ: Copilot માઇક્રોસોફ્ટ દ્વારા વિકસિત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સહાયક છે. તે વિવિધ કાર્યો માટે જવાબો, પ્રેરણા અને ઉકેલો આપીને ઉત્પાદકતા અને સર્જનાત્મકતા વધારવા માટે રચાયેલ છે. Copilot Appનો ઉપયોગ કરીને નીચેના વિષયો પર પોતાની નોટબુકમાં નોંધ લખો: ૧. વિશ્વ પર્યાવરણ દિવસ ૨. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૩. માતૃભાષા દિવસ ૪. વિશ્વ સિંહ દિવસ.
3	ગુજરાતી ચલચિત્રનું મનપસંદ ગીત: કોઈ પણ ગુજરાતી ચલચિત્રનું તમને મનપસંદ આખું ગીત લખો અને તેના ગાયક, સંગીતકાર તથા લેખક વિશે માહિતી મેળવી નોંધો. ચલચિત્રનું નામ, મનપસંદ ગીતના શબ્દો, ગીતના લેખકનું નામ, ગાયકનું નામ અને સંગીતકારનું નામ લખો.
4	સ્થાનિક લોકમેળાની મુલાકાત: તમારી આસપાસ યોજાતા કોઈ એક લોકમેળાની મુલાકાત લો અને તેના વિશે માહિતી એકઠી કરો. મેળો શા માટે યોજાય છે, તેનો ઇતિહાસ, કઈ તિથિ/તારીખે યોજાય છે, આયોજન કોણ કરે છે અને અંદાજે કેટલા લોકોએ મુલાકાત લીધી તે નોંધો. જો તમે મેળાના આયોજક હો, તો મેળામાં કઈ બાબતોમાં સુધારો અથવા ફેરફાર કરશો તે પણ લખો.

આટલું કરીએ
(ધોરણ– 9 અને 10)

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
5	ઘર અને આંગણાનું સુશોભન: દિવાળીના તહેવારો દરમિયાન તમારા ઘરને નિયમિત સજાવો. ફૂલો, પાંદડાં, તોરણ, રંગોળી, લીસા કાંકરા, પાણીના બાઉલ, કુંજા, લખોટી, કોડિયાં, કંકુના સાથિયા અથવા ઘરમાં ઉપલબ્ધ અન્ય સામગ્રીનો ઉપયોગ કરી શકો છો.
6	મનપસંદ દિવાળી વાનગી બનાવવામાં મદદ: દિવાળીના તહેવારોમાં ઘરમાં બનતી વિવિધ વાનગીઓમાંથી તમને ગમતી કોઈ એક વાનગી ઘરના સભ્યો/મહિલાઓની મદદથી બનાવો. તેમાં વપરાયેલી સામગ્રી નોંધો. જૂના સમયમાં ઘરમાં કઈ વાનગીઓ બનતી હતી, જે હવે બનતી નથી અને શા માટે, તે વિશે પરિવારના સભ્યો સાથે ચર્ચા કરો. વેકેશન ખુલ્યા પછી તમે વાનગી કેવી રીતે બનાવી તે શિક્ષક સમક્ષ વર્ગમાં રજૂ કરો.
7	પહેલું સુખ તે જાતે નર્યા: “પહેલું સુખ તે જાતે નર્યા” ઉક્તિ મુજબ તંદુરસ્તી દરેક વ્યક્તિની પહેલી પ્રાથમિકતા છે; સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનો વિકાસ થઈ શકે છે. શાળામાં શિક્ષકો તંદુરસ્તી માટે આસન, કસરત, રમતો અને પ્રાણાયામ કરાવતા હોય છે. આ વેકેશન દરમિયાન ફળિયામાં, મેદાનમાં કે બગીચામાં વિવિધ રમતો રમો. તમને ગમતી કોઈ એક રમતમાં નિયમિત પ્રેક્ટિસ કરીને સ્પર્ધા માટે નક્કી કરેલા Standards (લક્ષ્યાંક) સુધી પહોંચવાનો પ્રયત્ન કરો. યુનિવર્સિટીની રમતગમતની ઇનામી સ્પર્ધા, વયજૂથ, નોંધણી, લક્ષ્યાંક અને ઇનામી રકમની વિગતો અંતિમ પાને આપેલી લિંક/QR કોડ પરથી જાણો.
8	જાદુ કરીએ: તાસનાં પત્તાની ટ્રિક: પર તાસના પત્તામાંથી ૨૦ પત્તાં સીધાં દેખાય તેમ ગણીને અલગ કરો. તેમાં ૧૦મું પત્તું યાદ રાખો (કોઈને ધ્યાન ન જાય તેમ જુઓ; ઉદાહરણ: લાલનો એક્કો) અને આ ૨૦ પત્તાં બાજુમાં ઊંધાં રાખો. બાકીનાં પત્તામાંથી ઉપરનું પત્તું ખોલો. તે ૯ હોય તો ૧૩−૯=૪ મુજબ તેની નીચે ઊભી હરોળમાં બીજા ૪ પત્તાં મૂકો. પછી ઉપરનું પત્તું ખોલો; તે ૫ હોય તો ૧૩−૫=૮ મુજબ તેની નીચે ૮ પત્તાં મૂકો. ત્રીજી હરોળમાં રાણી (Queen) આવે તો ૧૩−૧૨=૧ મુજબ તેની નીચે ૧ પત્તું મૂકો. નોંધ: એક્કો=૧, ગુલામ=૧૧, રાણી=૧૨ અને બાદશાહ=૧૩. બાકીના હાથમાં રહેલા પત્તા પહેલાં રાખેલાં ૨૦ પત્તાં ઉપર ઊંધાં મૂકો. ત્રણ હરોળના પ્રથમ પત્તાની કિંમતો ઉમેરો; ઉદાહરણ તરીકે ૯+૫+૧૨=૨૬. બાજુમાં રાખેલા બંચમાં ૨૬મું પત્તું તમે અગાઉ યાદ રાખેલું ૧૦મું પત્તું જ હશે (ઉદાહરણ: લાલનો એક્કો). આ ટ્રિક ઘરના વડીલો, ભાઈ−બહેન કે મિત્રો સમક્ષ રજૂ કરો અને અન્ય નવી ટ્રિક પણ શીખી રજૂ કરવાનો પ્રયત્ન કરો.
9	સ્થાનિક ઐતિહાસિક કે સાંસ્કૃતિક સ્થળની મુલાકાત અને અહેવાલ: તમારા વિસ્તારની આસપાસ આવેલા કોઈ ઐતિહાસિક સ્થળ, સ્મારક, સંગ્રહાલય, ધાર્મિક સ્થળ અથવા ગ્રામ પંચાયત/નગરપાલિકા કચેરીની મુલાકાત લો. સ્થળનું મહત્ત્વ જાણો, ફોટોગ્રાફ્સ કે સ્કેચ એકત્ર કરો અને સ્થળનો ઇતિહાસ, વર્તમાન સ્થિતિ તથા મહત્ત્વ આવરી લેતો ૧થી ૨ પૃષ્ઠનો અહેવાલ તૈયાર કરો.
10	વર્તમાન પ્રવાહોનું સ્ક્રેપબુક નિર્માણ: વેકેશન દરમિયાન દૈનિક અખબારો કે સામયિકોમાંથી દેશ−વિદેશના મુખ્ય આર્થિક, રાજકીય કે ભૌગોલિક સમાચારોની કાપલીઓ એકત્ર કરો. ઓછામાં ઓછા પથી ૧૦ મહત્ત્વપૂર્ણ સમાચારોની કાપલીઓ ચોંટાડો, તેમના વિશે પોતાના મૌલિક વિચારો લખો અને મિત્રો તથા વડીલો સાથે વાર્તાલાપ કરો.
11	આવકાર સૂચક બોર્ડ નિર્માણ: દિવાળી વેકેશન દરમિયાન ઘરમાં આવતા મહેમાનોનું સ્વાગત કરવા વેસ્ટ કાગળ, પૂઠાં કે અન્ય ક્રાફ્ટ સામગ્રીમાંથી સુંદર આવકાર બોર્ડ તૈયાર કરો. પૂઠાને મનપસંદ આકારમાં કાપી તેના પર “સુસ્વાગતમ્” કે “Welcome” લખો. રંગો તથા ફૂલ, ચોખા કે દીવા જેવા આકારોથી શણગારી મુખ્ય દરવાજે લટકાવો અને વડીલો સાથે વાર્તાલાપ કરો.

આટલું કરીએ
(ધોરણ– 9 અને 10)

Children's Research University
RESEARCH UNIVERSITY

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
12	રસોડાની પ્રયોગશાળા: દિવાળીની મીઠાઈઓનું વિજ્ઞાન: દિવાળીમાં બનતી વાનગીઓ કે મીઠાઈઓ—જેમ કે ફરસાણ તળવું, ચાસણી બનાવવી અને દૂધમાંથી માવો બનાવવો—પાછળ રહેલું વિજ્ઞાન સમજો. ઘરમાં વડીલોની મદદથી વાનગી બનાવતી વખતે થતા ભૌતિક અને રાસાયણિક ફેરફારોની નોંધ કરો અને તેની પાછળનું વિજ્ઞાન વિગતવાર લખો. નોંધ મિત્રો અને વડીલો સાથે ચર્ચો.
13	ઘરના વીજ વપરાશનું સર્વેક્ષણ: વેકેશન દરમિયાન ઘરે વપરાતાં વીજ ઉપકરણો—પંખા, લાઇટ, ટીવી, ફ્રિજ વગેરે—વિશે માહિતી મેળવો. દરેક ઉપકરણ કેટલા વોટનું છે અને દિવસમાં કેટલા કલાક ચાલે છે તેની ગણતરી કરો. વીજળી બચાવવા માટે ક્યાં પગલાં લઈ શકાય તે દર્શાવતું નાનું સૂચનપત્રક તૈયાર કરો.
14	ડાયરી લેખન: મારા વેકેશનના સાહસિક કે આનંદદાયક દિવસો વેકેશનના કોઈ પણ પથી ૭ દિવસ દરમિયાન બનેલી રસપ્રદ ઘટનાઓ, દિવાળીની ઉજવણી કે મહેમાનોની આવન–જાવન વિશે દૈનિક નોંધ (ડાયરી) લખો. દરેક દિવસની ડાયરીમાં ભાષાકીય શુદ્ધિ, રૂઢિપ્રયોગો અને સરસ શબ્દોનો ઉપયોગ કરીને રોજનું એક પૃષ્ઠ લખો. મિત્રો અને વડીલો સાથે તેની ચર્ચા કરો.
15	લોકસાહિત્ય સંગ્રહ: વડીલો પાસેથી સાંભળેલી વાતો ઘરના વડીલો—દાદા–દાદી કે માતા–પિતા—સાથે બેસીને તેમની બાળપણની વાતો, જૂની લોકકથાઓ, કહેવતો કે ઉખાણાં સાંભળો. તેમાંથી ઓછામાં ઓછી ૨ લોકકથાઓ અથવા ૧૦ અનોખા રૂઢિપ્રયોગો/કહેવતો તેમના અર્થ સાથે સુંદર હસ્તાક્ષરમાં નોંધો. શાળા ખૂલે ત્યારે મિત્રો સાથે ચર્ચા કરો અને પ્રાર્થના કાર્યક્રમમાં રજૂ કરો.
16	Festival Greeting Card & Message Writing: દિવાળી અને નૂતન વર્ષના તહેવાર નિમિત્તે શિક્ષક, મિત્રો કે સંબંધીઓને આપવા માટે અંગ્રેજીમાં સુંદર Greeting Card તૈયાર કરો. વેસ્ટ કાગળ કે ક્રાફ્ટ પેપર વાપરી કાર્ડ બનાવો. તેમાં અંગ્રેજીમાં પથી ૭ વાક્યોમાં અનોખી Festive Wishes લખો. કાર્ડની અંદર દિવાળીનું મહત્ત્વ દર્શાવતો નાનો પેરેગ્રાફ ભાષાકીય શુદ્ધિ સાથે લખો અને વડીલોને બતાવો.
17	My Vocabulary Booklet: દિવાળી વેકેશન દરમિયાન રોજિંદા જીવનમાં વપરાતા અથવા વાંચવામાં આવતા નવા અંગ્રેજી શબ્દો એકત્રિત કરો. ૩૦થી ૩૫ નવા શબ્દો શોધીને નાની બુકલેટ (Pocket Dictionary) બનાવો. દરેક શબ્દનો અંગ્રેજી અને ગુજરાતી અર્થ લખો અને તે શબ્દ પરથી એક–એક સરળ વાક્ય બનાવો. શાળા ખૂલ્યા પછી બુકલેટ મિત્રો અને શિક્ષકોને બતાવો.
18	**रिश्तेदारों/बुजुर्गों का इंटरव्यू:** દિવાળીની રજાઓમાં ઘરે આવેલા મહેમાનો અથવા દાદા–દાદી સાથે તેમના બાળપણની દિવાળી વિશે હિન્દીમાં વાતચીત કરો (इंटरव्यू). પથી ૬ સરળ પ્રશ્નો તૈયાર કરો, જેમ કે "**आपके समय में दिवाली कैसे मनाई जाती थी?**" અને "**आपकी पसंदीदा मिठाई कौन सी थी?**" આ પ્રશ્નોના આધારે ઇન્ટરવ્યૂ લો અને તેમના જવાબો હિન્દીમાં ડાયરી અથવા નોટબુકમાં લખો. આ બાબતે મિત્રો સાથે વાર્તાલાપ કરો.
19	રંગોળી અને ક્રાફ્ટમાં ભૌમિતિક આકારો: વિવિધ ભૌમિતિક આકારોની મદદથી રંગોળી, તોરણ કે આવકાર બોર્ડ તૈયાર કરો. તેમાં વપરાયેલા આકારો—ત્રિકોણ, ચોરસ, વર્તુળ, ષટ્કોણ, સમાંતરબાજુ ચતુષ્કોણ વગેરે—ની યાદી બનાવો અને દરેક આકારની ત્રિજ્યા, બાજુઓની સંખ્યા અથવા ક્ષેત્રફળ શોધવાનાં સૂત્રો લખો. આ પ્રવૃત્તિ મિત્રો અને વડીલોને બતાવો.

ક્રમ	પ્રવૃત્તિ અને કરવાની સરળ રીત
20	દિવાળી ખરીદીનું બજેટ અને હિસાબ: દિવાળી વેકેશન દરમિયાન ઘરમાં થતી ખરીદી—મીઠાઈ, કપડાં, ફટાકડા અને સુશોભનની વસ્તુઓ—આધારે હિસાબ તૈયાર કરો. ખરીદેલા સામાનનું કાચું બિલ/કોષ્ટક બનાવો અને દરેક વસ્તુની કિંમત, મળેલું ડિસ્કાઉન્ટ (વળતર %) તથા કુલ ખર્ચ ગણો. કયા ક્ષેત્રમાં સૌથી વધુ ખર્ચ થયો તે દર્શાવતો Pie Chart અથવા Bar Graph દોરો અને બજેટ/બચત અંગે વડીલો તથા મિત્રો સાથે ચર્ચા કરો.
21	સ્થાનિક વનસ્પતિ અને પક્ષીઓની ડાયરી: ઘરની આસપાસ, શેરી કે બગીચામાં જોવા મળતી વનસ્પતિ અને પક્ષીઓની વિવિધતા નોંધો. શેરી કે બગીચામાંથી ખરી પડેલાં જુદા જુદા પથી ૧૦ છોડ/વૃક્ષોનાં પાંદડાં ભેગાં કરો, જૂનાં છાપાં વચ્ચે સૂકવી ચોપડામાં ચોંટાડો અને દરેક પાંદડાની નીચે વૃક્ષનું નામ, ઉપયોગો તથા વિશેષતા લખો. સવારે કે સાંજે ઘરની આસપાસ આવતા ૪થી ૫ પક્ષીઓનાં નામ અને તેમની ટેવો—ખોરાક તથા માળો બનાવવાની જગ્યા—વિશે નોંધ તૈયાર કરો. શાળામાં મિત્રો સાથે આ પ્રવૃત્તિ બતાવી ચર્ચા કરો.
22	રસોડાનાં સાધનોથી એસિડ અને બેઝની પરખ: હળદરનો પાવડર, ડિટર્જન્ટ, લીંબુનો રસ અને પાણીનો ઉપયોગ કરીને કુદરતી સૂચક બનાવો. હળદરની પેસ્ટ કે કાગળ બનાવી તેના પર લીંબુનો રસ (એસિડ) અને ડિટર્જન્ટનું પાણી (બેઝ) લગાવો. રંગમાં થતા ફેરફારોનું અવલોકન કરો અને કયો પદાર્થ એસિડિક તથા કયો બેઝિક છે તેની યાદી તૈયાર કરો. આ પ્રવૃત્તિ મિત્રો ને પણ શીખવો.
23	Geometric String Art અને Eco-friendly Wall Hanging: ઘરમાં પડેલા નકામાં પૂઠાં (કાર્ડબોર્ડ), ઉન કે રંગીન દોરાનો ઉપયોગ કરીને ગણિતની સમપ્રમાણતા (Symmetry) અને ભૌમિતિક ભાત દર્શાવતું સુંદર વોલ હેંગિંગ બનાવો. કાર્ડબોર્ડમાંથી મોટો વર્તુળાકાર કે ષટ્કોણાકાર કાપી તેની કિનારીઓ પર સરખા અંતરે કાપા પાડો. દોરાને ૬૦°, ૯૦° અથવા ૧૨૦° જેવા ચોક્કસ ખૂણે પરોવીને ગણિતીય ભાત/ડિઝાઇન તૈયાર કરો. તેમાં વપરાયેલા ત્રિકોણ, ચતુષ્કોણ કે વર્તુળના ભાગો ઓળખો; તેમની ત્રિજ્યા, પરિમિતિ કે ક્ષેત્રફળ ગણવાનાં સૂત્રો લખો અને ગણિત–કળાના જોડાણ અંગે ટૂંકી નોંધ તૈયાર કરી મિત્રો સાથે ચર્ચા કરો.
24	સોલાર કૂકરનું મિની વર્કિંગ મોડેલ (ઊર્જા સંરક્ષણ પ્રવૃત્તિ): જૂતાંના ખાલી બોક્સ, એલ્યુમિનિયમ ફોઇલ, કાચ કે પારદર્શક પ્લાસ્ટિક શીટ અને કાળા કાગળનો ઉપયોગ કરીને સૂર્ય–ઊર્જા આધારિત બોક્સ બનાવો. બોક્સની અંદર કાળો કાગળ લગાવો અને ઢાંકણ પર એલ્યુમિનિયમ ફોઇલ ચોંટાડો, જેથી સૂર્યપ્રકાશ પરાવર્તિત થઈ બોક્સની અંદર જાય. બોક્સ તડકામાં મૂકી તેની અંદર અને બહારનું તાપમાન ચકાસો અથવા પાણી ગરમ કરવાનો પ્રયાસ કરો. પ્રકાશના પરાવર્તન અને ગ્રીનહાઉસ અસરના સિદ્ધાંતો સમજાવતો ૧થી ૨ પાનાનો અહેવાલ તૈયાર કરો અને તેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાના ફાયદા જણાવો. મોડલ મિત્રો તથા શિક્ષકોને બતાવો.
25	જૂનાં કપડાંમાંથી પગલૂછણયું બનાવવું: ઘરમાં પડેલાં નકામા કે જૂનાં કપડાં—જેમ કે સાડી, કુરતી, ટી–શર્ટ કે દુપટ્ટા—નો પુનઃઉપયોગ કરીને ઘર માટે ઉપયોગી અને સુશોભિત પગલૂછણયું બનાવો. કપડાંમાંથી ૧થી ૨ ઇંચ પહોળી લાંબી પટ્ટીઓ કાપો. ત્રણ પટ્ટીઓને ભેગી કરી ઉપરના ભાગે બાંધી સામાન્ય ચોટલાની જેમ લાંબી વેણી/દોરી ગૂંથી લો. તેને ગોળાકાર કે લંબગોળ આકારમાં અંદરથી બહાર તરફ વીંટાળતા જાઓ અને સોય–દોરાથી પાછળની બાજુએ મજબૂત ટાંકા લો, જેથી પગલૂછણયું છૂટી ન જાય. તૈયાર પગલૂછણયું મિત્રો અને વડીલોને બતાવો તથા અન્ય મિત્રોને પણ શીખવો.

આ જૂથમાં કુલ ૨૫ પ્રવૃત્તિઓ છે. વિદ્યાર્થીઓ પોતાની રુચિ અને સગવડ મુજબ પ્રવૃત્તિઓ પસંદ કરી શકે.

આટલું કરીએ
(ધોરણ– 9 અને 10)

Children's RESEARCH UNIVERSITY

રમતગમતની ઇનામી સ્પર્ધા

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વિવિધ રમતોની ઇનામી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધાનો સમયગાળો: ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ થી ૩ જાન્યુઆરી, ૨૦૨૭

વયજૂથ: અંડર–૯, અંડર–૧૧, અંડર–૧૩ અને અંડર–૧૫

નોંધણીની છેલ્લી તારીખ: ૩૦ નવેમ્બર, ૨૦૨૬

સત્તાવાર નોંધણી અને વધુ માહિતી:
https://drive.google.com/file/d/1jSdVgv0DhBOgnUY0WpdBzIoId22SPBK7/view?usp=drive_link

વિગતોનો QR કોડ

વાલીઓનો પ્રતિભાવ

વહાલા વાલીઓ અને વિદ્યાર્થીમિત્રો,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ના દિવાળી વેકેશન માટે તૈયાર કરવામાં આવેલી પ્રવૃત્તિઓ આપને કેવી લાગી? તમારા મૂલ્યવાન પ્રતિભાવો અમારા માટે ખૂબ મહત્ત્વના છે. આપના પ્રતિભાવો દ્વારા ભવિષ્યમાં વધુ સારી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં અને શૈક્ષણિક સંશોધનને નવી દિશા આપવામાં મદદ મળશે.

ફીડબેક ફોર્મ: https://forms.gle/U9xpxqaY4YKPYCg4A

ઓનલાઇન ફોર્મમાં તમારી વિગતો અને પ્રવૃત્તિઓ અંગેનાં મંતવ્યો નોંધો.

બાળકની પ્રવૃત્તિઓના ફોટા, વીડિયો અને સૂચનો 7575962929 પર બાળકનું નામ અને ધોરણ સાથે મોકલશો.

ફીડબેક ફોર્મનો QR કોડ

આપના સહકાર બદલ આભાર!